જીવનનું સુખ મનની શાંતિમાં સમાયેલું છે
- સિસેરો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




વર્ષ : (૨૭) અંક નં. ૭૨ | ૨૨ મે ૨૦૧૨, મંગળવાર, જયેષ્ઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


## ગાંધીનગર મનપામાં ઓગષ્ટથી મિલકત વેરાની વસૂલીનો તખ્તો તૈયાર

**ગાંધીનગરમાં રૂ. ૧૫૦૦ થી ૪ હજાર સુધીનો મિલકતવેરો વસૂલવામાં આવશે, ૫૩ હજાર મિલકતોની આકારણીના એસેસમેન્ટ રજીસ્ટરો પ્રસિધ્ધ કરાયા; ૬ જૂન સુધી વાંધા મેળવાશે**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં મિલ્કતવેરાની વસુલાત માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર થઈ ગયો છે અને આ અંગેના આકારણી રજીસ્ટરો પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યા છે. હવે આ રજીસ્ટરોને આધારે આકારણી અંગેના વાંધાઓ ૬/૬/૨૦૧૨ સુધી સ્વીકારવામાં આવશે.

મ્યુનિ. કમિશનર શ્રી સી.આર. ખરસાણ દ્વારા આ આકારણી રજીસ્ટરોની પ્રસિધ્ધિ કરી દેવામાં આવી છે. ગાંધીનગર શહેરની અંદાજે ૫૩ હજાર જેટલી ખાનગી તેમજ સરકારી મિલ્કતો પર મિલ્કત વેરો લાગુ કરવા માટે સર્વે કરી આ આકારણી તૈયાર કરવામાં આવી છે.

સમગ્ર શહેરને ચાર ભાગમાં વિભાજીત કરી દેવામાં આવ્યું છે જેમાં વિકસીત વિસ્તાર, વાણિજય વિસ્તાર, અર્ધ વિકસીત વિસ્તાર અને વિકાસ પામી રહેલા વિસ્તાર જેવા ભાગ પાડવામાં આવ્યા છે.

કોર્પોરેશન દ્વારા ૧-૪-૨૦૧૧થી અમલી બને તે રીતે આ મિલ્કત વેરાની વસુલાત કરવામાં આવશે. આ વેરાની વસુલાતને કારણે કોર્પોરેશનને અંદાજે રૂ. ૨૦થી ૨૫ કરોડની આવકના અંદાજો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરની ૫૩ હજાર જેટલી મિલ્કતોની આકારણી માટે ૪૦થી પણ વધુ રજીસ્ટરો તૈયાર કરવામાં આવ્યા છે.


● અનુસંધાન પાન-૫ પર


## નરેન્દ્ર મોદી મનમોહન સિંહ અને રાહુલ કરતાં વધુ લોકપ્રિય

યુપીએના આઠ વર્ષ પૂરા થતાં સર્વેમાં ધડાકો : યુપીએની લોકપ્રિયતા સતત ઘટી રહી છે : જો હાલ ચૂંટણી યોજાય તો કોંગ્રેસ કરતા ભાજપને વધારે મત : સર્વેક્ષણ

નવી દિલ્હી-ગાંધીનગર,તા. ૨૧

યુપીએ સરકારે શાસનમાં આઠ વર્ષ પરિપૂર્ણ કરી લીધા છે. આઠ વર્ષ પૂરા થવાની પૂર્વ સંધ્યાએ એક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસના નેતૃત્વમાં આ ગઠબંધને પોતાની ચમક ગુમાવી દીધી છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા તરીકે ઊભરી આવ્યા છે. મુખ્યમંત્રી મોદી વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસના મહાસચિવ રાહુલ ગાંધી કરતા પણ આગળ નીકળી ગયા છે. એબીપી ન્યૂઝ નેલસનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે જો હાલમાં ચૂંટણી યોજાઈ જાય તો ભાજપને ૨૮ ટકા વોટ મળશે. જ્યારે કોંગ્રેસને માત્ર ૨૦ ટકા મત મળશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સત્તામાં આઠ વર્ષ પરિપૂર્ણ કર્યા બાદ યુપીએનું આકર્ષણ ખતમ થઈ રહ્યું છે. નરેન્દ્ર મોદી પ્રથમ વાર સૌથી લોકપ્રિય નેતા તરીકે ઊભરી રહ્યા છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને રાહુલ ગાંધી કરતા પણ આગળ નીકળી ગયા છે.


● અનુસંધાન પાન-૫ પર



## આભાર

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત-૨૦૧૨ની ચૂંટણીમાં હકારાત્મક અને પારદર્શક વહીવટના અભિગમને આવકારીને રાજ્યના આપ સૌ વકીલ મિત્રોના સાથ અને સહકારથી ચૂંટણીમાં બેસ્ટ પ્રેફરન્સ વોટ આપીને અમોને જંગી બહુમતીથી બીજા નંબરે વિજયી બનાવેલ છે. તે બદલ આપ સૌ વકીલ મિત્ર પરિવારનો અમો ખૂબ - ખૂબ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ... આપ વકીલમિત્ર પરિવારનો આવો સાથ અને સહકાર મળતો રહે તેવી આશા સહ....



શ્રી કરણસિંહ બળદેવસિંહ વાઘેલા
એડવોકેટ

**અમદાવાદ ઓફીસ**
૨૦૫, આયના કોમ્પલેક્ષ, સુવર્ણવીલા બંગ્લોઝની સામે,
૧૦૦ ફુટ ટી.પી. રોડ, થલતેજ, અમદાવાદ.
ફોન નં. ૦૭૯-૩૨૪૨૩૨૩૧

**ગાંધીનગર ઓફીસ**
૬૦૨, શાલીન કોમ્પલેક્ષ, 'ચ' રોડ,
હોટલ હવેલી પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૩૩૩૬૪

ઈમેલ એડ્રેસ : kbvaghelaassociates@gmail.com મોબાઈલ : ૯૪૨૮૫ ૫૧૩૦૩



## ભારતમાં પ્રથમ બળદોની હોસ્ટેલ

### જાહેર આમંત્રણ

શ્રી પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી અને સમર્થ શ્રી પ્રાગદાસબાપા ગોદડીયાના આશીર્વાદ તેમજ પ્રેરણાથી તથા આપ સૌ સગા, સ્નેહી મિત્રોના સહકારથી અનંત અને હર્ષની ૨૨મી પુણ્યતિથિના દિવસે ભારતવર્ષમાં પ્રથમ

## બળદોની હોસ્ટેલનું

ખાતમુહુર્ત રાખેલ છે. તો આપ સૌ જીવદયા પ્રેમી ભાઈ-બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.



આત્મીય અનંત (હેતલ) ભગવાનદાસ પટેલ
અવતરણ તા. ૧૬-૪-૧૯૭૮



આત્મીય હર્ષદ ભગવાનદાસ પટેલ
અવતરણ તા. ૨૨-૧૦-૧૯૭૫



**કાર્યક્રમ**

તા. ૨૨-૫-૨૦૧૨, મંગળવાર
ખાતમુહુર્ત : સાંજે ૬-૦૦ કલાકે
પશુધન માટે ચારો : સાંજે ૬-૩૦ કલાકે
ભોજન (હરિહર) : સાંજે ૭-૦૦ કલાકે
(ફક્ત આમંત્રિત મહેમાનો માટે)
ભજન : રાત્રે ૮-૩૦ કલાકે

**: સ્થળ :**

અનંત હર્ષ હાઈસ્કૂલ પાસે,
હારીજ-જુનામાંકા રોડ,
જુનામાંકા, તા. હારીજ, જિ. પાટણ

**નિમંત્રક**

એન. પી. પટેલ
વેસ્ટર્ન એગ્રો સીડ્સ પરિવાર
તથા સમસ્ત ગોદડીયા પરિવાર